નવસારી કૃષિ વિશ્વવિદ્યાલય

**ગ્રામીણ કૃષિ મૌસમ સેવા**
કૃષિ હવામાનશાસ્ત્ર સેલ
નવસારી કૃષિ વિશ્વવિદ્યાલય
નવસારી - ૩૯૬૪૫૦, ગુજરાત
ઇ-મેઈલ:- aasnavsari@gmail.com

ભારત મૌસમ વિજ્ઞાન વિભાગ

**(નવસારી કૃષિ વિશ્વવિદ્યાલય અને ભારત મૌસમ વિજ્ઞાન વિભાગ દ્વારા પ્રસારિત)**

**તા. ૦૬/૦૫/૨૦૨૪**

## કૃષિ હવામાન બુલેટીન નં : ૧૧/૨૦૨૪ – ૨૦૨૫

### -- નવસારી જિલ્લો --

**પાછળનાં સમયનું હવામાન (તા. 03 મે થી ૦૬ મે - ૨૦૨૪)**

| અનું. નં. | હવામાન પરિબળો | Value |
|---|---|---|
| ૧. | વરસાદની શ્રેણી (મી.મી.) | ૦.૦ |
| ૨. | મહત્તમ તાપમાનની શ્રેણી (સે.ગ્રે.) | ૩૫.૫-૩૮.૫ |
| ૩. | લઘુત્તમ તાપમાનની શ્રેણી (સે.ગ્રે.) | ૨૧.૯-૨૫.૦ |
| ૪. | ભેજની શ્રેણી (%) | ૩૮-૯૪ |
| ૫. | પવનની ગતિની શ્રેણી (કિ.મી./કલાક) | ૨.૭-૪.૪ |
| ૬. | વાદળની સ્થિતિની શ્રેણી (ઓકટા) | ૦-૨ |
| ૭. | સુર્યપ્રકાશિત સમયની શ્રેણી (કલાક) | ૧૦.૧-૧૦.૮ |
| ૮. | પાછળના પાંચ દિવસમાં સંચિત વરસાદ (મી.મી.) | ૦.૦ |
| | **કુલ વરસાદ** | **0.0** |


**આઈ. એમ. ડી. દ્વારા પ્રાપ્ત હવામાન આગાહી (તા. ૦૭ મે થી ૧૧ મે - ૨૦૨૪)**

| અનું. નં. | હવામાન પરિબળો | દિવસ-૧ (૦૭/૦૫) | દિવસ-૨ (૦૮/૦૫) | દિવસ-૩ (૦૯/૦૫) | દિવસ-૪ (૧૦/૦૫) | દિવસ-૫ (૧૧/૦૫) |
|---|---|---|---|---|---|---|
| ૧. | વરસાદ (મી.મી.) | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨. | મહત્તમ તાપમાન (સે.ગ્રે.) | ૪૧ | ૪૦ | ૩૯ | ૩૯ | ૩૮ |
| ૩. | લઘુત્તમ તાપમાન (સે.ગ્રે.) | ૨૬ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ |
| ૪. | મહત્તમ ભેજ (%) | ૭૫ | ૮૫ | ૮૬ | ૮૬ | ૮૬ |
| ૫. | લઘુત્તમ ભેજ (%) | ૩૪ | ૩૮ | ૪૫ | ૪૭ | ૪૪ |
| ૬. | પવનની ગતિ (કિ.મી./કલાક) | ૧૫ | ૧૭ | ૧૭ | ૧૬ | ૧૫ |
| ૭. | પવનની દિશા (કમ્પાસ પોઈન્ટ) | ૨૧૦ | ૨૨૫ | ૨૨૫ | ૨૩૮ | ૨૪૬ |
| ૮. | વાદળની સ્થિતિ (ઓકટા) | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

| **હવામાન સારાંશ / ચેતવણી** | |
|---|---|
| | • આઈ. એમ. ડી. , દ્વારા મળેલી હવામાનની આગાહી મુજબ આગામી પાંચ દિવસમાં આકાશ ચોખ્ખું રહેશે અને વરસાદ પડવાની સંભાવના નથી.<br>• મહત્તમ તાપમાન ૩૮ સે. થી ૪૧ સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨ ૫ સે. થી ૨ ૬ સે. આસપાસ હોવાની સંભાવના છે.<br>• હવામાં ભેજનું પ્રમાણ ૩૪ થી ૮૬ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે.<br>• પવનની દિશા દક્ષિણ-પશ્ચિમ રહેશે જેની સરેરાશ ગતિ ૧૫ થી ૧૭ કિ.મી./કલાક રહેવાની શકયતા છે.<br>• વિસ્તૃત રેન્જની આગાહી મુજબ , ૧૪ મે ૨૦૨૪ સુધી શુષ્ક હવામાન રહેવાની શક્યતા છે અને મહત્તમ તાપમાન અને લઘુતમ તાપમાન સામાન્ય રહેવાની શક્યતા છે. |

# -:: દક્ષિણ ગુજરાત ભારે વરસાદ વિસ્તાર ::–

| | |
|---|---|
| **સામાન્ય સલાહ** | • જો પવનની ગતિ ૧૫ કિમી પ્રતિ કલાક કરતાં વધુ હોય તો ખેતરમાં કેમિકલ જેવાકે પેસ્ટિસાઇડ નો છંટકાવ ન કરવો.<br>• ઊભા પાકોમાં ભલામણ મુજબના ખાતરો તથા જરૂરિયાત મુજબ પિયત આપવું અને આકાશ ચોખ્ખું હોય તથા પવનની ગતિ ઓછી રહે ત્યારે જંતુનાશક તથા ફૂગનાશક દવાની જોડે ડીટરજન્ટ પાઉડર અથવા સ્ટીકર (ગુંદરીયુ) નો ઉપયોગ કરીને છંટકાવ કરવો.<br>• ઉનાળુ પાકોની કાપણી કર્યા પછી જમીનમાં ઊંડી ખેડ કરી જમીનને સૂર્યના તાપમાં તપવા દેવી જેથી જમીનમાં રહેલ કોશેટા, રોગ અને જીવાતનો નાશ કરી શકાય.<br>• જમીનમાં ભેજનું પ્રમાણ જાળવવા અને નિંદણ નિયંત્રણ માટે પાકના અવશેષો , ભૂસું, પરાળ અથવા પ્લાસ્ટિક મલ્ચ (આવરણ)નો ઉપયોગ કરવો.<br>• મહત્તમ તાપમાનમાં અચાનક વધારો થવાને કારણે દિવસ દરમિયાન પ્રાણીઓને શેડ/આચ્છાદિત વિસ્તારની નીચે રાખો.<br>• પાકને મહત્તમ તાપમાનથી બચાવવા માટે શાકભાજીના ખેતરમાં નીંદણ ન કરવું.<br>• કૃષિ હવામાન સલાહકારી બુલેટીંન અને હવામાનની આગાહી અંગેની માહિતી મેળવવાં માટે ડાઉનલોડ કરો મેઘદૂત મોબાઈલ એપ્લીકેશન, જે ખેડુતોને તેમની સ્થાનિક ભાષામાં સ્થાન, પાક અને પશુધન વિશે હવામાનઆધારિત કૃષિ સલાહ પ્રદાન કરશે. મેઘદૂત એપ્લીકેશનને ડાઉનલોડ કરવા માટે નીચેની લિંક પર ક્લિક કરો:<br>એન્ડ્રોઈડ યુઝર્સ:https://play,google.com/store/apps/details?id=com.aas.meghdoot<br>આઈ.ઓ.એસ. યુઝર્સ:https://apps.apple.com/in/app/meghdoot/id1474048155<br>• દામિની મોબાઈલ એપ્લીકેશનદ્વારા આકાશીય વિજળીની અગાઉથી ચેતવણી આપવામાં આવે છે તેમજ આકાશીય વિજળીથી બચવા શું કરવું અને શું નહિ કરવું તેની વિગતવાર માહિતી પૂરી પાડવામાં આવે છે. આથી ખેડુતમિત્રોને દામિની મોબાઈલ એપ્લીકેશન ડાઉનલોડ કરવાની સલાહ આપવામાં આવે છે . દામિની એપ્લિકેશન ડાઉનલોડ કરવા માટે નીચેની લીંક પર ક્લિક કરો: એન્ડ્રોઈડ યુઝર્સ:<br>https://play.google.com/store/apps/details?id=com.lighteninglive.damini<br>આઈ.ઓ.એસ. યુઝર્સ:https://apps.apple.com/app/id1502385645 |




| પાક | હવામાન આધારિત કૃષિ સલાહ |
|---|---|
| શેરડી | **વાનસ્પતિક વિકાસ અવસ્થા**<br>પૂરતી ખાતરની ભલામણ મુજબ નાઇટ્રોજન ખાતર આપવું.–<br>• બીજો ડોઝ – ૨૫૦ કિગ્રા. નાઈટ્રોજન/હે. ના ૩૦% મુજબ વાવણીના ૩ થી ૩.૫ માસ બાદ , ત્રીજો ડોઝ – ૨૫૦ કિગ્રા. નાઇટ્રોજન/હે. ના ૨૦% મુજબ વાવણીના ૪ થી ૪.૫ માસ બાદ , ચોથો ડોઝ – ૨૫૦ કિગ્રા. નાઇટ્રોજન/હે. ના ૩૫% મુજબ વાવણીના ૫.૫ થી ૬ માસ બાદ (ભારે પાળા ચડાવ્યા પહેલા).<br>• જમીન/વાતાવરણ અને પાકની અવસ્થા મુજબ જરૂરી પિયત આપવું. ઉનાળામાં - ૧૫-૧૭ દિવસના ગાળે પિયત આપવું અથવા ટપક પિયત અપનાવી અને બે હર વચ્ચે સૂકી પતારીનું આવરણ (મલચિંગ) કરી પિયત પાણીની બચત કરવી.<br>• પાકને વાવણીના ચાર માસ સુધી નીંદણ મુક્ત રાખવું , આ માટે સમયાંતરે આંતરખેડ અને હાથથી નીંદણ કરવું અથવા નીંદણનાશક દવા ૨,૪-D – Na સોલ્ટ (૧.૨ કિગ્રા. સક્રિયતત્વ/હે.) + પેરાક્વોટ (૦.૬૦૦ કિગ્રા. સક્રિયતત્વ/હે.) [૨,૪-D – Na સોલ્ટ ૩૦ ગ્રા. + પેરાક્વોટ ( ૫૦ ગ્રા. પ્રતિ ૧૦ લિટર)] ૩૦-૬૦ દિવસ વચ્ચે છંટકાવ કરવો.<br>• વાવણીના ૩-૩.૫ માસે અને ૫.૫-૬ માસે પાળા ચડાવવા.<br>• હવામાનમાં તાપમાન વધવાથી ઉપદ્રવમાં વધારો થાય છે , તેથી શેરડી ડૂંખના વેધકો માટે કાર્બોફ્યુરાન ૩ સીજી ૩૩ કી.ગ્રા/હે જમીનમાં આપવું. |
| ઉનાળુ ડાંગર | **ફૂટ અવસ્થા:**<br>• ક્યારીમાં ૨-૩ સેમી. પાણી ભરાય તે રીતે પિયત આપવું<br>• નાઈટ્રોજન ખાતરનો પ્રથમ પૂરતી ખાતરની હપ્તો ૪૦ કિગ્રા. ના./હે. રોપણીના ૨૦-૨૫ દિવસ બાદ |

| | |
|---|---|
| | બીજે પૂરતી ખાતરની હપ્તો ૪૦ કિગ્રા. ના./હે. રોપણીના ૪૦-૪૫ દિવસ બાદ આપવો. ખાતર આપતા પહેલા ક્યારીમાંથી પાણી નિતારી દેવું અને ૧ દિવસ બાદ ફરી ભરવું.<br>• ડાંગરની ક્યારી નીંદણ મુક્ત રાખવી. આ માટે હાથથી નીંદણ કરવું અને પેડી વીડર ચલાવવું. |
| **ઉનાળુ કઠોળ** | **વાનસ્પતિક વિકાસ અવસ્થા**<br>• પારવણી અને ખાલા પુર્તી વાવણીના ૧૫-૨૦ દિવસ બાદ કરવું.<br>• ખેતરને વાવણીના ૪૫ દિવસ સુધી નીંદણ મુક્ત રાખવું. આ માટે હાથથી નીંદણ કરવુ અને આંતર ખેડ કરવી.<br>• જમીન અને વાતાવરણ ધ્યાને રાખી પિયત આપવું. |
| **ઉનાળુ ભીંડા** | • કુમળા અને વેચાણલાયક ફળોની વીણી હવામાન ચોખ્ખુ હોય ત્યારે કરવી જોઈએ.<br>• રોગ-જીવાતવાળા અને બગડેલા ફળો દૂર કરવા જોઈએ.<br>• જરૂરિયાત મુજબ પિયત આપવું.<br>• નિદાંમણના નાશ માટે યોગ્ય પગલાં લેવા.<br>• ભીંડામાં ભૂકીછારા અને પાનના ટપકના નિયંત્રણ માટે હેક્સાકોનાઝોલ ૫ એસિ ૧૦ મિલી. અથવા કાર્બેન્ડાઝીમ ૫૦ ડબલ્યુપી ૫ ગ્રા પ્રતિ ૧૦ લી. પાણીમાં મીશ્ર કરી હવામાન ચોખ્ખુ હોય ત્યારે છંટકાવ કરવો.<br>• **પાન કથીરી:** નુકશાનવાળા પાનનો/છોડ કથીરી સહીત ભેગા કરી તેનો નાશ કરવો.<br>અથવા<br>• તાપમાનમાં વધારો થવાથી ભીંડામાં પાન કથીરિના નિયંત્રણ માટે ફેનાઝાકવીન ૧૦ ઈસી ૧૫ મિલી અથવા સ્પાયરોમેસીફેન ૨૨.૯ એસ.સી ૮ મિલી પ્રતિ ૧૦ લી પાણીમાં ભેળવી ને પાક ઉપર હવામાન ચોખ્ખુ હોય ત્યારે છંટકાવ કરવો. |
| **રીંગણ** | • કુમળા અને વેચાણલાયક ફળોની વીણી હવામાન ચોખ્ખુ હોય ત્યારે કરવી જોઈએ.<br>• રોગ-જીવાતવાળા અને બગડેલા ફળો દૂર કરવા જોઈએ.<br>• જરૂરિયાત મુજબ પિયત આપવું.<br>• નિદાંમણના નાશ માટે યોગ્ય પગલાં લેવા.<br>• રીંગણની ફળ અને ડુખ ની ઈયળના ૪૦ ફેરોમોન ટ્રેપ પ્રતિ હકેટરદીઠ મુકવા.<br>• લઘુપર્ણ રોગ: રોગીસ્ટ છોડ ને ઉપાડી નાશ કરવો.<br>• **પાન કથીરી:** નુકશાનવાળા પાનનો/છોડ કથીરી સહીત ભેગા કરી તેનો નાશ કરવો.<br>અથવા<br>• તાપમાનમાં વધારો થવાથી રીંગણ ની પાન કથીરિના નિયંત્રણ માટે પ્રોપર્ગાઈટ ૫૭ ઈસી ૨૦ મિલી. અથવા ફેનાઝાકવીન ૧૦ ઈસી ૧૫ મિલી અથવા ઈટોક્ષા સોઝોલ ૧૦ એસ સી ૮ મિલી અથવા સ્પાયરોમેસીફેન ૨૨.૯ એસ.સી ૮ મિલી પ્રતિ ૧૦ લી પાણીમાં ભેળવી ને પાક ઉપર હવામાન ચોખ્ખુ હોય ત્યારે છંટકાવ કરવો. |
| **ચોળી** | • કુમળા અને વેચાણલાયક ફળોની વીણી કરવી .<br>• જરૂરિયાત મુજબ આંતરખેડ અને નિંદામણ કરવી.<br>• જરૂરિયાત મુજબ પિયત આપવું. |
| **ગુવાર** | • કુમળા અને વેચાણલાયક ફળોની વીણી કરવી .<br>• જરૂરિયાત મુજબ આંતરખેડ અને નિંદામણ કરવી.<br>• જરૂરિયાત મુજબ પિયત આપવું. |
| **પરવળ** | • ફળ તૈયાર થયા બાદ તેની વીણી કરવી.<br>• જરૂરિયાત મુજબ પિયત આપવું. |
| **ટિંડોળા** | • ફળ તૈયાર થયા બાદ તેની વીણી કરવી.<br>• જરૂરિયાત મુજબ પિયત આપવું. |
| **ઉષ્ણકટીબંધિય કંદમૂળ પાકો** | • જમીન તૈયાર કરી, કોહવાયેલું છાણિયું ખાતર /કમ્પોસ્ટ ૨૦-૨૫ ટન/હે. પ્રમાણે જમીનમાં ભેળવવું.<br>• દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તારમાં સેન્દ્રીય ખેતીથી સૂરણની ગજેન્દ્ર જાત ઉગાડવા માંગતા ખેડૂતોએ સૂરણની વાવણી પહેલા ચોળીનો લીલો પડવાશ ૨૦ કિલો/હેકટર બિયારણ લઈ કરવો તથા ૪૫ થી ૬૦ દિવસોમાં વાવણી પહેલા તેને જમીનમાં દબાવવો. |
| **આંબા** | **સામાન્ય સલાહ**:<br>• આંબાના મેઢની ઈયળો થડમાંથી શોધીને મારી નાખો અને કાણાંની અંદર ક્લોરપાયરીફોસ ૨૦ ઈસી ૨૫ મી.લી./૧૦ લી. દ્રાવણ નાંખી કાદવથી કાણાં બંધ કરી દેવા.<br>• આંબાનાં નાના રોપાની જાળવણી માટે ટેકો આપવાની વ્યવસ્થા કરવી જેથી વરસાદ અને વધુ પવનની ઝડપ સામે ટકી શકે. |

NAVSARI AGRICULTURAL UNIVERSITY
NAU Navsari

| | |
|---|---|
| | • કેરી નું ખરણ ઘટાડવા માટે આંબાવાડીમાં નોવેલ ૧% (૧ લિટર) અથવા એન.એ.એ. (૨ ગ્રામ)+ યુરિયા (૨ કિ.ગ્રા.) પ્રતિ ૧૦૦ લિટર પાણીમાં ઓગળીને છંટકાવ કરવો.<br>• કેરી વટાણા થી લખોટા કદની થાય ત્યારે યુરિયા (૮૦૦ ગ્રા) અથવા અમોનિયમ સલફેટ (૧.૮ કિ.ગ્રા) ખાતર પિયત સાથે આપવું.<br>• કાલવર્ણ ના નિયંત્રણ માટે *હેક્ઝાકોનોઝોલ* ૫ ઈસી ૧૦ મિલી અથવા કાર્બેન્ડાઝીમ ૫૦ ડબલ્યુપી ૫ ગ્રા પ્રતિ ૧૦ લી. પાણીમાં મિક્સ કરી હવામાન ચોખ્ખુ હોય ત્યારે છંટકાવ કરવો.<br>• કેરીનું ખરણ ઘટાડવા આંબાવાડીમાં ડાંગરની પરાડ અથવા આંબમાં પાછડાનું આવરણ કરવું અને હળવું પિયત આપવુ.<br>• આંબાની વાડીમાં ફળમાખીના નિયંત્રણ માટે ફળમાખીના પીંજર (૧૦ ટ્રેપ/હે.) મૂકવા. |
| **ચીકુ** | • બીજા વિભાજનમાં ભલામણ કરેલ ખાતરનો ૨૫ ટકા ભાગ પ્રમાણે રાસાયણિક ખાતર એમોનિયમ સલ્ફેટ ૧.૩ કિગ્રા અથવા યુરિયા ૦.૬ કિગ્રા, સિંગલ સુપર ફોસ્ફેટ ૦.૮ કિગ્રા, મ્યુરેટ ઓફ પોટાશ ૦.૩ કિગ્રા, છાણિયુ ખાતર ૨૫ કિગ્રા આ મહિનામાં હવામાન ચોખ્ખુ હોય ત્યારે આપવું. |
| **પશુપાલન** | **સામાન્ય સલાહ:**<br>• પશુઓને દૂધ ઉત્પાદન અને નિભાવની જરૂરિયાત ધ્યાનમાં લઈ પૂરતા પ્રમાણમા સમતોલ આહાર આપવો. તેમજ પશુઓના રહેઠાણ ચોખ્ખા રાખવા, દિવસ દરમ્યાન સમયાંતરે મળ-મૂતર નો નિકાલ કરવો.<br>• પશુઓને યોગ્ય આહારમા જરૂરીયાત પ્રમાણે ખનિજયુકત મિશ્રણના સમાવેશ કરવો જોઈએ.<br>• ચાફ કટરથી લીલા તથા સૂકા ઘાસચારાને ટુકડા કરીને જ નીરણ કરવું.<br>• દુધાળા પશુઓના આઉને દૂધ દોહન પહેલા અને પછી ઝીંક ઓકસાઈડ અથવા બોરીક પાઉડર અથવા પોટેશીયમ પરમેગેનેટ ના દ્રાવણથી બરાબર સાફ કરવા.<br>• પશુઓનાં ઇતરડીના નિયંત્રણ માટે ડેલ્ટામેથીન અથવા એમીટાઝર ૨ મી.લી./લિટર પાણીમાં નાખને છાંટવી (દવાની બોટલ ઉપર લખેલી સૂચનાનો અમલ કરવો).<br>• કોઢ/ગમાણની ઉંચાઇ ૧૦ ફૂટથી વધારે રાખવી, જેથી હવાની હેરફેર સરળતાથી થઇ શકે, બફારો/ગરમી ઓછી થાય અને ભોયાતળિયાનો ભાગ સુકો રહે.<br>• વિયાળ બાદ વાછરડા/પાડીયાને અડધાથી એક કલાકની અંદર ૫૦૦ મી.લી. જેટલું ચીક / ખીરું પીવડાવવું ત્યારબાદ પંદર દિવસ સુધી વછરડા/પાડીયાં કુલ વજન ના ૧૦ માં ભાગનું દૂધ/દિવસ પીવડાવવું.<br>• પશુ ઈચ્છે ત્યારે પાણી પી તેવી વ્યવસ્થા રાખવી અથવા દિવસમાં ઓછા માં ઓછુ ચાર વાર પશુની જરૂરીયાત મુજબ પાણી આપવું.<br>• મહત્તમ તાપમાનમાં અચાનક વધારો થવાને કારણે દિવસ દરમિયાન પ્રાણીઓને શેડ/આચ્છાદિત વિસ્તારની નીચે રાખો.<br>• ગરમીની ઋતુમાં પશુઓનું શારીરિક તાપમાન જળવાય રહે તે માટે કોઢ/ગમાણમાં પંખાની વ્યવસ્થા કરવી અથવા બપોરના સમયમાં વૃક્ષના છાયડામાં રાખી શકાય. |
| **વનીકરણ** | • પ્રથમ બને બીજા વર્ષના વાવેતર દરમ્યાનમાં નિંદણ અને સફાય કરવી જોઈએ.<br>• નવા સાગના રોપાના માટે પસંદ કરેલામાંથી સાગ અથવા વત્તા વૃક્ષમાંથી સાગ (સેગ) ના પરિપક્વ બીજ એકત્રિત કરો. |
| **ફીશરીઝ** | **સામાન્ય સલાહ:**<br>• મીઠા પાણીના મત્સય મીઠા પાણીના જીંગા ઉત્પાદન કરતા ખેડૂતોને જણાવવાનું કે, આ સમયગાળા દરમ્યાન પૂરતી માત્રામાં ખોરાક આપવોકારણ કે આ વાતાવરણ માછલી/મીઠા પાણીના જીંગા માટે અનુકૂળ છે.<br>• તળાવમાં પાણીનું લેવલ જાળવવું અને વધુ વરસાદ આવે ત્યારે તળાવના આઉટલેટ થોડી માત્રામાં ખોલવા તેથી પાણીનું લેવલ જળવાયેલું રહે<br>• તળાવના તળિયાનું અને સપાટીનું તાપમાન સરભર કરવા એરેટર અથવા પંમ્પ ચલાવવા. |

❖ **એગ્રોમેટ સલાહકાર સેવા બુલેટીન કમિટીના સભ્યો :**

- ડૉ. એચ. એમ. વિરડીયા, પ્રાધ્યાપક અને વડા (સશ્ય વિજ્ઞાન)
- ડૉ. એલ. વી. ઘેટીયા, સહ પ્રાધ્યાપક (વનસ્પતિ કીટકશાસ્ત્ર)
- ડૉ. કે. બી. રાખોલીયા, સહ પ્રાધ્યાપક (વનસ્પતિ રોગશાસ્ત્ર) :
- ડૉ. સી. જી. ઈટવાલા, સંશોધન વૈજ્ઞાનિક (શાકભાજી વિજ્ઞાન)
- ડૉ. વાય. એન. ટંડેલ, સહ પ્રાધ્યાપક (ફળ વિજ્ઞાન)
- ડૉ. વી. આર. પટેલ, મદદનીશ પ્રાધ્યાપક (પશુપાલન)
- ડૉ. દિલેશ્વર નાયક, મદદનીશ પ્રાધ્યાપક (વનીકરણ)
- ડૉ. એમ. આર. પટેલ, મદદનીશ પ્રાધ્યાપક (ફીશરીઝ સાયન્સ)

NAVSARI AGRICULTURAL UNIVERSITY
AMFU_Navsari

- ડૉ. વિભા ટાક, રીસર્ચ એસોસીયેટ (જી.કે.એમ.એસ.)
- ડૉ. પી. કે. પરમાર, મદદનીશ પ્રાધ્યાપક (કૃષિ હવામાનશાસ્ત્ર) અને પ્રિન્સિપાલ નોડલ ઓફિસર (જી.કે.એમ.એસ.)

कृषि मूला ऋद्धि
NAVSARI AGRICULTURAL UNIVERSITY
AMFU_Navsari

# Gramin Krishi Mausam Sewa

Agricultural Meteorological Cell
Navsari Agricultural University
Navsari – 396450, Gujarat
E-mail :- aasnavsari@gmail.com

NAVSARI AGRICULTURAL UNIVERSITY

India Meteorological Department


**(Jointly issued by Navsari Agricultural University & India Meteorological Department)**

DATE OF ISSUE: 06/05/2024

# Agromet Advisory Bulletin No: 11/2024 - 2025

## -- Navsari District --

**Weather summary of preceding week 03 May to 06 May - 2024**

| Sr. No. | Name of Weather Parameters | Value |
|---|---|---|
| 1. | Range of Rainfall (mm) | 0.0 |
| 2. | Range of Maximum Temperature (°C) | 35.5-38.5 |
| 3. | Range of Minimum Temperature (°C) | 21.9-25.0 |
| 4. | Range of Relative Humidity (%) | 38-94 |
| 5. | Range of Wind Speed (km/hrs) | 2.7-4.4 |
| 6. | Range of Cloud Cover (Okta) | 0-2 |
| 7. | Range of bright sunshine hours (hrs) | 10.1-10.8 |
| 8. | Last five days cumulative rainfall (mm) | 0.0 |
| | **Total Rainfall (mm)** | **0.0** |

**IMD based Weather forecast for 07 May to 11 May – 2024**


| Sr. No. | Weathers Parameters | Day – 1 (07/05) | Day - 2 (08/05) | Day - 3 (09/05) | Day - 4 (10/05) | Day - 5 (11/05) |
|---|---|---|---|---|---|---|
| 1. | Rainfall (mm) | 0 | 0 | 0 | 0 | 0 |
| 2. | Maximum temperature (°C) | 41 | 40 | 39 | 39 | 38 |
| 3. | Minimum Temperature (°C) | 26 | 25 | 25 | 25 | 25 |
| 4. | Max. Relative Humidity (%) | 75 | 85 | 86 | 86 | 86 |
| 5. | Min. Relative Humidity (%) | 34 | 38 | 45 | 47 | 44 |
| 6. | Wind Speed (km/hr.) | 15 | 17 | 17 | 16 | 15 |
| 7. | Wind Direction (Compass point) | 210 | 225 | 225 | 238 | 246 |
| 8. | Total Cloud Cover (Okta) | 0 | 0 | 0 | 0 | 0 |

NAVSARI AGRICULTURAL UNIVERSITY
NAU Navsari

| Weather Summary/ Alert | |
|---|---|
| | • As per the forecast issued by India Meteorological Department over the next five days, the sky will be clear and there are chances of no rainfall.<br>• The Maximum temperature is 38 °C to 41 °C, when the Minimum temperature is 25 °C to 26 °C likely to be around.<br>• The humidity in the air is likely to be between 34 and 86 percent.<br>• The wind direction will be South-West with an average speed of 15 to 17 km/h.<br>• As per Extended range forecast, possibility of dry weather and maximum and minimum temperature likely to be normal up to 14th May, 2024. |

# -:: South Gujarat Heavy Rainfall Zone ::-

| | |
|---|---|
| **General Advisory** | • Wind speed is high >15 kmph, so avoid spraying of pesticide.<br>• Farmers are advised to apply irrigation as per requirement of crops and apply recommended dose of fertilizers and monitor the crop and take plant protection measures against disease-pest incidence.<br>• Farmers are advised to go for summer deep ploughing after harvesting of the crop with sub-soiler or chisel plough to break hard pan in the sub soil, to improve soil condition & to destroy the soil borne pathogen, insect pest and weeds by exposing them to hot sun light.<br>• Use crop residue, straw, plastic mulch for conservation of soil moisture and weed control.<br>• Keep animals under shed/covered area during day hours due to sudden increase in maximum temperature.<br>• No weeding in vegetable field to protect crops from high temperature.<br>• Download the MEGHDOOT mobile application for Agromet Advisory Services and information on weather forecasting, which will provide weather based agricultural advice to farmers for their location, crops and livestock in their local language. Click on the following link to download the MEGHDOOT application:<br>Android users: **https://play,google.com/store/apps/details?id=com.aas.meghdoot**<br>IOS users: **https://apps.apple.com/in/app/meghdoot/id1474048155**<br>• Download the DAMINI Mobile application to ensure the safety through monitoring sky lightning activity. It will provide the alert and detail description of instruction, precaution, Do and Don't. Click on the following link to download the DAMINI application.<br>Android users: https://play.google.com/store/apps/details?id=com.lighteninglive.damini<br>IOS users:https://apps.apple.com/app/id1502385645 |




| Crop | Weather based Agro-Advisory |
|---|---|
| **Sugarcane** | **Vegetative Stage**<br>• Apply split dose of Nitrogen fertilizer as per recommendation- 2nd dose 30% of 250 kg N/ha at 3-3.5 month after planting, 3rd dose 20% of 250 kg N/ha at 4-4.5 month after planting and 4th dose 35% of 250 kg N/ha at 5.5-6 month after planting (before final earthing up).<br>• As per soil/climatic condition and stage of crop irrigation apply- summer at 15-17 day interval or adopt drip method of irrigation and mulching of trash in between two rows of crop to save irrigation water.<br>• Keep crop weed free upto 4 months of planting by interculturing, hand weeding or apply post emergence weedicide like 2,4-D Na Salt (1.2 kg ai/ha)+ *Paraquat* (0.600 kg ai/ha) [2,4-D (Na Salt, 30 kg)+ *Paraquat* (50 g/10 lit.)] after 30-60 DAP.<br>• Earthing up should be done at 3-3.5 and 5.5-6 months after planting.<br>• Application of *Carbofuron* 3 CG @ 33 kg/ha in soil for control of sugarcane early shoot borer due to increase in temperature. |
| **Summer Paddy** | **Tillering stage:**<br>• Keep 2-3 cm standing water in transplanted field.<br>• Apply recommended 1st split dose of Nitrogen (40 kg/ha.) at 20-25 days after transplanting and 2nd split dose of Nitrogen (20 kg/ha.) at 40-45 (DATP). Before application of fertilizer drain water from filed and apply 1 day after.<br>• Keep the field weed free by hand weeding and interculturing with paddy weeder. |
| ***Summer* Pulse** | **Vegetative stage :** |

NAVSARI AGRICULTURAL UNIVERSITY AAU Navsari

| | |
|---|---|
| **crop** | • Thinning and gap filling should be done to maintain plant population at 15-20 days after sowing.<br>• Keep field weedfree by hand weeding and interceltuing upto 45 days after sowing.<br>• Apply irrigation as per the need, consider climate and soil type |
| **Summer Okra** | • Harvesting should be carried out as per the tenderness of marketable fruit during clear weather condition.<br>• Discard damaged and diseased fruit.<br>• Apply irrigation as per need.<br>• Weeding should be carried out.<br>• Spraying of *Hexaconozole* 5 EC @ 10 ml or *Carbendazim* 50 WP 5 g per 10 Lit of water for control of powdery mildew/leaf spot disease under clear weather condition.<br>• **Red Spider Mite**: Collection & destruction of damaged leaves/plants along with mites.<br>Or<br>• As temperature is increasing rapidly favoring population build up of red spider mite in okra, for its management spray *Fenazaquin* 10 EC @ 15 ml or *Spriomesifen* 22.9 SC @ 8 ml per 10 lit of water during clear weather condition. |
| **Brinjal** | • Harvesting should be carried out as per the tenderness of marketable fruit during clear weather condition.<br>• Discard damaged and diseased fruit.<br>• Apply irrigation as per need.<br>• Weeding should be carried out.<br>• 40 pheromone trap per hectare should be kept for management of fruit and shoot borer in brinjal.<br>• Little leaf of brinjal: Monitoring and uproot and burn from brinjal field.<br>• **Red Spider Mite**: Collection & destruction of damaged leaves/plants along with mites.<br>Or<br>• As temperature is increasing rapidly favoring population build up of red spider mite in brinjal, for controlling spray *Propargite* 57 EC @ 20 ml/10 lit or *Fenazaquin* 10 EC @ 15 ml or *Etoxozole* 10 SC @ 8 ml or *Spriomesifen* 22.9 SC @ 8 ml per 10 lit of water during clear weather condition. |
| **Cow Pea** | • Harvesting should be carried out as per the tenderness of marketable fruit.<br>• Interculturing & weeding should be carried out.<br>• Apply irrigation as and when required. |
| **Cluster bean** | • Harvesting should be carried out as per the tenderness of marketable fruit.<br>• Interculturing & weeding should be carried out.<br>• Apply irrigation as and when required. |
| **Pointed gourd** | • Marketable fruit should be harvested.<br>• Apply irrigation as and when required. |
| **Little gourd** | • Marketable fruit should be harvested.<br>• Apply irrigation as and when required. |
| **Tropical Tuber crops** | • Field preparation should be carried out, add well decomposed FYM/Compost@20-25t/ha.<br>• The farmers of south Gujarat Heavy Rainfall Zone, intending to grow elephant foot yam cv. Gajendra organically are advised to raise green manure cowpea (seed rate @ 20 kg $ha^{-1}$) prior to elephant foot yam and incorporate green matter at 45-60 days. |
| **Mango** | **General Advise :**<br>• Find grubs of stem borer from gallery and holes on the stem and kill them. Do pouring of *Chlorpyriphos* 20 EC @ 25 ml/ 10 lit in hole and plug it with mud in clear weather condition under clear weather condition..<br>• Spray Novel 1% (1 Lit.) or NAA 20 ppm (2g) + Urea 2% (2 kg) in 100 lit. |

| | |
|---|---|
| | water to reduce fruit drop in mango.<br>• Apply Urea (800g) or Ammonium Sulphate (1.8 kg) with irrigation at pea to marble stage of mango fruits.<br>• Provide support to the young plants of mango to protect against rain and high wind speed.<br>• Spraying of *Hexaconazole* 5 EC @ 10 ml or or *Carbendazim* 50 WP @ 10 g per 10 lit for control of Anthracnose in clear weather condition.<br>• Apply mulch of paddy straw/mango leaves and give light irrigation to reduce fruit drop in mango.<br>• Install *methyl eugenol* trap (10 traps/ha.) for controlling *fruit flies* in mango orchard. |
| **Sapota** | **General Advise :**<br>• Apply second split of 25% of RDF (Ammonium Sulphate -1.3 kg or Urea 0.6 kg, SSP 0.8 kg and MOP 0.3 kg + FYM 25 kg each tree) in clear weather condition. |
| **Livestock** | **General Advise :**<br>• Provide adequate quantity of balanced ration by considering the milk production and maintenance.<br>• Good quality dry roughage with 15-20 kg green fodder provided to the animals, only after chaffing.<br>• Feed silage & hay materials if available.<br>• Before and after milking udder must be properly clean with zinc oxide or boric powder or potassium permanganate solutions.<br>• For the control of tick and other parasites, spray *Deltemethrin* or *Aemitaz* 2 ml in 1 liter of water.<br>• Height of animal shed should keep minimum 10 feet for aeration to maintain the floor dry and to control humidity.<br>• Young calves should be offered with approximate 500 ml. of Colostrums within half an hour of calving. Thereafter for next 15 days, milk should be offered at the amount of 1/10$^{th}$ of body weight in a day.<br>• Keep drinking water facility for 24 hrs. of period or offered adlib water four times in a day.<br>• Keep animals under shed/covered area during day hours due to sudden increase in maximum temperature.<br>• In the summer season, to maintain the body temperature, it is advisable that to keep fan in the shade or can keep the animal under the shadow of the tree. |
| **Forestry** | • Weeding and cleaning should be done during first and second year plantations.<br>• Collect the mature seed of teak (Sag) from selected/plus tree for raising of new teak seedling. |
| **Fisheries** | • Fresh water farmers give proper feed in fish/prawn farming for better growth rate because environment condition is very suitable.<br>• Increase water depth and maintain water level through pond outlet.<br>• Mixing the top and bottom water by using the aerators or pumps. |

❖ **Members of Agro-Advisory Committee :**

- Dr. H. M. Viradia, Professor & Head (Agronomy)
- Dr. L. V. Ghetiya, Associate Professor (Entomology)
- Dr. K. B. Rakholiya, Associate Professor (Plant Pathology):
- Dr. C. G Intwala, Research Scientist (Vegetable Science)
- Dr. Y. N. Tandel, Associate Professor (Fruit Science)
- Dr. V. R. Patel, Assistant Professor (Animal Husbandry)
- Dr. Dileswar Nayak, Assistant Professor (Forestry)
- Dr. M. R. Patel, Assistant Professor (Fisheries Science)
- Dr. Vibha Tak, Research Associate(GKMS)
- Dr. P. K. Parmar, Assistant Professor (Agricultural Meteorology and Principal Nodal Officer (GKMS))

# હવામાન આગાહી

| વિગત | તારીખ | ડાંગ | નવસારી | વલસાડ |
|---|---|---|---|---|
| વરસાદ (.મી.મી) | ૦૭/૦૫/૨૦૨૪ | ૦ | ૦ | ૦ |
| | ૦૮/૦૫/૨૦૨૪ | ૦ | ૦ | ૦ |
| | ૦૯/૦૫/૨૦૨૪ | ૦ | ૦ | ૦ |
| | ૧૦/૦૫/૨૦૨૪ | ૦ | ૦ | ૦ |
| | ૧૧/૦૫/૨૦૨૪ | ૦ | ૦ | ૦ |
| મહત્તમ તાપમાન (.ગ્રે.સે) | ૦૭/૦૫/૨૦૨૪ | ૩૯ | ૪૧ | ૩૯ |
| | ૦૮/૦૫/૨૦૨૪ | ૪૦ | ૪૦ | ૩૮ |
| | ૦૯/૦૫/૨૦૨૪ | ૪૦ | ૩૯ | ૩૭ |
| | ૧૦/૦૫/૨૦૨૪ | ૪૧ | ૩૯ | ૩૭ |
| | ૧૧/૦૫/૨૦૨૪ | ૪૦ | ૩૮ | ૩૬ |
| લઘુત્તમ તાપમાન (.ગ્રે.સે) | ૦૭/૦૫/૨૦૨૪ | ૨૬ | ૨૬ | ૨૦ |
| | ૦૮/૦૫/૨૦૨૪ | ૨૫ | ૨૫ | ૧૯ |
| | ૦૯/૦૫/૨૦૨૪ | ૨૫ | ૨૫ | ૧૯ |
| | ૧૦/૦૫/૨૦૨૪ | ૨૫ | ૨૫ | ૧૯ |
| | ૧૧/૦૫/૨૦૨૪ | ૨૫ | ૨૫ | ૧૯ |
| મહત્તમ ભેજ (%) | ૦૭/૦૫/૨૦૨૪ | ૬૭ | ૭૫ | ૭૮ |
| | ૦૮/૦૫/૨૦૨૪ | ૬૮ | ૮૫ | ૮૪ |
| | ૦૯/૦૫/૨૦૨૪ | ૭૫ | ૮૬ | ૮૭ |
| | ૧૦/૦૫/૨૦૨૪ | ૭૬ | ૮૬ | ૮૬ |
| | ૧૧/૦૫/૨૦૨૪ | ૭૭ | ૮૬ | ૮૮ |
| લઘુત્તમ ભેજ (%) | ૦૭/૦૫/૨૦૨૪ | ૨૦ | ૩૪ | ૩૦ |
| | ૦૮/૦૫/૨૦૨૪ | ૨૨ | ૩૮ | ૩૭ |
| | ૦૯/૦૫/૨૦૨૪ | ૨૭ | ૪૫ | ૪૪ |
| | ૧૦/૦૫/૨૦૨૪ | ૨૪ | ૪૭ | ૪૪ |
| | ૧૧/૦૫/૨૦૨૪ | ૨૫ | ૪૪ | ૪૩ |
| પવનની ગતિ(કિ.મી./કલાક) | ૦૭/૦૫/૨૦૨૪ | ૧૨ | ૧૫ | ૧૩ |
| | ૦૮/૦૫/૨૦૨૪ | ૧૩ | ૧૭ | ૧૫ |
| | ૦૯/૦૫/૨૦૨૪ | ૧૩ | ૧૭ | ૧૪ |
| | ૧૦/૦૫/૨૦૨૪ | ૧૨ | ૧૬ | ૧૩ |
| | ૧૧/૦૫/૨૦૨૪ | ૧૨ | ૧૫ | ૧૨ |
| પવનની દિશા (કમ્પાસ પોઈન્ટ) | ૦૭/૦૫/૨૦૨૪ | W | SW | SW |
| | ૦૮/૦૫/૨૦૨૪ | W | SW | SW |
| | ૦૯/૦૫/૨૦૨૪ | W | SW | SW |
| | ૧૦/૦૫/૨૦૨૪ | W | SW | SW |
| | ૧૧/૦૫/૨૦૨૪ | W | SW | W |
| વાદળની સ્થિતિ (ઓકટા) | ૦૭/૦૫/૨૦૨૪ | ૦ | ૦ | ૦ |
| | ૦૮/૦૫/૨૦૨૪ | ૦ | ૦ | ૦ |
| | ૦૯/૦૫/૨૦૨૪ | ૦ | ૦ | ૦ |
| | ૧૦/૦૫/૨૦૨૪ | ૨ | ૦ | ૦ |
| | ૧૧/૦૫/૨૦૨૪ | ૨ | ૦ | ૦ |

NAVSARI AGRICULTURAL UNIVERSITY
AMFU Navsari